# શહેરમાં ટીંટોડીએ ત્રણ ઈંડા જમીન પર મુક્યા : સારા વરસાદના એંધાણ

## એક માન્યતા મુજબ ટીંટોડી જેટલી ઊંચાઈ પર ઇંડા મુકે તેટલો વધુ વરસાદ પડે : ખાડામાં ઇંડા મુકે તો દુકાળ પડે છે અને જમીન પર મુકે તો સારો વરસાદ થાય છે



ગાંધીનગર, તા. ૩૦

શહેરમાં સેક્ટર-૪-એ ખાતે ટીંટોડીએ જમીન પર ઈંડા મુક્યા છે. એક માન્યતા મુજબ ઉનાળાના દિવસોમાં ટીંટોડી નામનું પક્ષી ઈંડા આપે છે અને તેના ઈંડા પરથી ચોમાસાની ઋતુમાં વરસાદ કેવો અને કેટલો થશે તેની પ્રાથમિક આગાહી કરાતી હોય છે. ત્યારે તાજેતરમાં ટીંટોડીએ જમીન પર ઈંડા મુક્યા છે. જેના પરથી ચોમાસાના ચાર મહિના સારો વરસાદ રહેશે તેવી આગાહી કરી શકાય છે.

એક માન્યતા મુજબ ટીંટોડી પક્ષી જેટલી ઉંચાઈ પર ઈંડા મુકે તેટલો વધુ વરસાદ પડે જ્યારે જમીન પર ખાડાવાળા ભાગમાં ઈંડા મુકે તો દુકાળ પડે એવું કહેવાય છે.

ભૂતકાળમાં જ્યારે હવામાન ખાતાના સાધનો કે હવામાન ખાતું ન હતું ત્યારે ખેડૂતો દ્વારા પક્ષી અને પશુઓના ચોમાસા પહેલા અમુક લક્ષણો જાહેર કરવામાં આવતા હતા. તેના ઉપરથી ખેડૂતો અંદાજ લગાવીને ખેતરમાં ખેડાણ અને રોપણી કરતાં હતા. એટલે કે કુદરતના સંકેતો આપતી પક્ષીઓની અમુક જાતના અમુક લક્ષણોથી અંદાજ લગાવી દેવામાં આવતો હતો કે આ વખતે વરસાદ કે અન્ય ઋતુમાં કેવું વાતાવરણ રહેશે.

ટીંટોડી નામનું પક્ષી જેટલા ઈંડા મુકે તેટલા મહિના સુધી વરસાદ સારો જશે તેવી માન્યતા છે ત્યારે શહેરમાં સેક્ટર-૪-એ ખાતે ટીંટોડીએ ત્રણ જેટલા ઈંડા મુકતા નાગરિકો એવો અંદાજ લગાવી રહ્યા છે કે આ વર્ષે ત્રણ મહિના વરસાદ સારો પડશે.

હાલ ભર ઉનાળે ખુલ્લી જમીનમાં તાપથી રક્ષણ મેળવવા ટીંટોડી પોતાના ત્રણ ઈંડાનો બચાવ કરવા માટે નજીકથી પાણીમાં પોતાની પાંખો લીલી કરી ઈંડાને સેવી રહી છે. સામાન્ય રીતે સ્ત્રી અને પુરુષ હોય છે તેમ ટીંટોડી પક્ષીમાં નર અને માદા હોય છે જે ઈંડાને ભર બપોરે તાપથી બચાવવા નર માદા વારાફરતી પોતાની પાંખો પાણીમાં લીલી કરી થોડીવાર નર ઈંડા પર બેસે છે તો થોડીવાર માદા ઈંડા પર બેસે છે. આમ ટીંટોડી ઈંડાનું રક્ષણ કરે છે જેને જોવા માટે નજીકના શહેરીજનો આ સ્થળ પર જઈ રહ્યા છે.

### ખૂણેખાંચરેથી

● આજે ગાંધીનગર મહાનગરપાલિકાનો સ્થાપના દિવસ છે પણ મનપા તરફથી ઉજવણીની કોઈ વિધિવત્ જાહેરાત થઈ નથી.

● રાજ્યના મુખ્યમંત્રીના કાર્યાલયમાં ખાસ ફરજ પરના અધિકારી તરીકે ફરજો બજાવતા ડૉ. એમ.ડી. મોડિયા વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે. તેમને એક વર્ષ માટે પુનઃ નિયુક્ત પણ કરવાના હુકમો આજે કરવામાં આવ્યા છે.

● જિલ્લા આરોગ્યતંત્રમાં ફરજો બજાવતા ડૉ. હરેશ ત્રિવેદી આજે વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.

● મોતીપુરા-સાદરા ખાતે નિરમા યુનિ.ના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાકૃત્તિક ખેતી તેમજ પ્રદર્શન યોજવામાં આવ્યુ હતુ જેમાં ૭ ગામના પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યુ હતુ.

● ડીસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશનની બેઠક આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળી હતી.

● ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળે ૯મી મે સુધીમાં કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ નહિ આવે તો આંદોલનાત્મક કાર્યક્રમો કરવાની ફરજ પડશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

● ગાંધીનગર મનપાના સફાઈકર્મીઓ સાથે સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે તેમના નિવાસસ્થાને તેમના પડતર પ્રશ્નો અંગે બેઠક કરી હતી.

● ગાંધીનગર શહેરમાં ડોર ટુ ડોર કલેક્શનની સેવાઓ ખોરવાતા નગરજનોમાં ચર્ચા જાગી છે.

## સર્કીટહાઉસ ખાતે આરોગ્ય વિભાગના વહીવટી અધિકારી સુરેશભાઈ જાનીનો વિદાય શુભેચ્છા સન્માન સમારોહ યોજાયો



ચિલોડા, તા. ૩૦

સર્કીટહાઉસ ખાતે સાબરમતીના ધારાસભ્ય તેમજ શ્રી ગુજરાત રાજ્ય ચેરીટેબલ હોસ્પિટલ ફેડરેશનના પ્રમુખ અરવિંદભાઈ પટેલ અને વાડીભાઈ પટેલ, રમેશભાઈ બી. પટેલ, શંકરભાઈ પટેલ તથા જીતાભાઈ પટેલ, શ્રીમતી શોભનાબેન શાહ તેમજ ફેડરેશનની કારોબારીની ઉપસ્થિતિમાં આરોગ્ય વિભાગનાીં વહીવટી અધિકારી સુરેશભાઈ જાની વયનિવૃત્ત મર્યાદાના કારણે નિવૃત્ત થતા હોઈ તેમનો વિદાય સન્માન સમારંભ રાખવામાં આવ્યો હતો. સૌએ સુરેશભાઈ જાની સાહેબને અંતઃકરણપૂર્વક શુભેચ્છા પાઠવી હતી.

## સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ ના પાર્કિંગમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૩૦

શહેરમાં વાહનચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગે છે. નગરના વિવિધ વિસ્તારમાંથી સમયાંતરે બાઈક ચોરી થાય છે. ત્યારે ન્યું ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલા સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ કોમ્પ્લેક્ષના પાર્કિંગમાંથી વેપારીના સ્પ્લેન્ડર બાઈકની ચોરી થવા પામી છે. બાઈક ચોરી અંગે વેપારીએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નરોડા સ્વામીનારાયણ પાર્ક બી-૨૨-૩૦૧ ખાતે રહેતા દરાસિંહ ફતેહબહાદુર ચૌહાણ છેલ્લા ચાર માસથી કુડાસણ સ્થિત સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ કોમ્પ્લેક્ષમાં ભાડે થી બાલાજી એલ્યુમિનિયમ એન્ડ ગ્લાસ નામની દુકાન ધરાવે છે અને કાચનો વેપાર કરે છે.જયારે પોતાના કામ માટે હીરો હોન્ડા સ્પ્લેન્ડર બાઈક નં.જી.જે.૨૭.ડી.એ.-૨૦૬૨ નો ઉપયોગ કરે છે. ફરીયાદી ગત તા.૨૭ ના રોજ સ્પ્લેન્ડર બાઈક લઈને સવારના સાડા નવ વાગે મારી દુકાન પર આવ્યા હતા. બાઈક કોમ્પ્લેક્ષના પાર્કિંગમાં દુકાન આગળ મુકી કામમાં જોડાઈ ગયા હતા.જયારે રાત્રીના ૯ વાગે કામ પૂર્ણ કરી ફરીયાદીની ઈકો ગાડી પણ દુકાને પડેલી હોવાથી ફરીયાદીએ બાઈક કોમ્પ્લેક્ષના પાર્કિંગમાં મુકીને ઈકો ગાડીમાં કારીગરોને લઈને અમદાવાદ મારા ઘરે ગયો હતો.જયારે બીજા દિવસે સવારે ૮.૩૦ કલાકે વાગે મે દુકાન પર આવીને જોયુ તો બાઈક જણાયેલ ન હતું. જેથી ફરીયાદીએ પોતાના બાઈકની શોધખોળ કરી હતી. પરંતુ મળી આવેલ ન હતું. જેથી બાઈક ભુલથી કોઈ લઈ ગયુ હશે તો પરત મળી જશે. ત્યારે સેકટર-૨૬ માં કામ હોવાથી ફરીયાદી કામ પર જઈને પાછો દુકાન ઉપર આવ્યો હતો. પરંતુ દુકાન પર આવીન જોયુ તો મારૂ બાઈક મળી આવ્યું ન હતુ. બનાવ અંગે ફરીયાદીએ રૂ.૩૦ હજારના બાઈક ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## પ્રાંતિયા શક્તિ કેન્દ્ર ખાતે ગાંધીનગર મંડલ ભાજપ દ્વારા ટિફિન બેઠક યોજાઈ



ચિલોડા, તા. ૩૦

ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા સ્થિત શ્રદ્ધા અને આસ્થાના પ્રતિક સમા પ્રાંતિયા શક્તિ કેન્દ્ર ઉપર જોગણી માતાના મંદિર ખાતે ગાંધીનગર મંડલ (ભા.જ.પા.) દ્વારા જિલ્લાના આગેવાનો, હોદ્દેદારો તથા સક્રિય કાર્યકરો દ્વારા યોજાયેલ ટિફિન બેઠકમાં ભા.જ.પ.ના સહ પ્રવક્તા હિતેન્દ્રભાઈ પટેલ તથા એસ.પી. ઠાકોર સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત ઈતિહાસ પરિષદમાં નવા હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૩૦

તાજેતરમાં ગુજરાત ઈતિહાસ પરિષદની નવી કારોબારીની આગામી બે વર્ષ માટે ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે મનુભાઈ બી. શાહ, ઉપપ્રમુખ તરીકે ડૉ. હર્ષદભાઈ બ્રહ્મભટ્ટ અને મૂળજીભાઈ પટેલ, કાર્યાલય મંત્રી તરીકે મહેન્દ્ર જે. પરમાર, મંત્રી તરીકે મુકેશભાઈ પટેલ તેમજ કોષાધ્યક્ષ તરીકે જિતેન્દ્ર વી. શાહની વરણી કરવામાં આવી હતી. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે તેમ અખબારી યાદીમાં જણાવ્યું હતુ.

## સરગાસણ અટ્રીયા કોમ્પ્લેક્ષના પાર્કિંગમાંથી બુલેટની ચોરી કરી

ગાંધીનગર, તા.૩૦

સરગાસણ ચાર રસ્તા પાસે આવેલી અટ્રીયા કોમ્પ્લેક્ષની બાજુમાં આવેલા પાર્કિંગમાંથી સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા યુવકના બુલેટની ચોરી થઈ છે. યુવકે રૂ.૧.૪૦ લાખની બુલેટ ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ પાલનપુરનો અને હાલ અમદાવાદ ત્રાગડ આકૃતિ એલીગન્સ ખાતે બહેન અને જીજાજી સાથે રહેતો રૂતુરાજ અશોકુમાર દવે સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. ગાંધીનગર સરગાસણ ચોકડી પાસે અટ્રીયા કોમ્પ્લેક્ષ સ્થિત પ્રાજસ્વ ફાઉન્ડેશ ખાતે યુવક સવારે ૧૦.૩૦ થી મોડી સાંજ સુધી કલાસીસ અને વાંચન બાદ તે ઘરે પરત ફરે છે. તે કલાસીસમાં આવન જાવન માટે પોતાના ભાઈ અંકિત દવેના નામનું બુલેટનો ઉપયોગ કરતો હતો. ગત તા.૨૮ ના રોજ સવારના દશ વાગ્યાના અરસામાં ઘરે થી નીકળી ગાંધીનગર સરગાસણ અટ્રીયા કોમ્પ્લેક્ષ ખાતે કલાસીસમાં આવ્યો હતો. જયારે બુલેટ નં. જી.જે.૦૮.બી.જે.-૯૭૨૨ અટ્રીયા કોમ્પ્લેક્ષની બાજુમાં પાર્કિંગમાં પાર્ક કર્યું હતું. બુલેટ પાર્ક કરી કલાસીસમાં ગયા બાદ રાત્રીના નવ વાગ્યાના અરસામાં પાર્કિંગમાં આવીને જોયુ તો બુલેટ પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી યુવકે આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી. પરંતુ બુલેટ મળી આવ્યું ન હતું. આખરે યુવકે રૂ.૧.૪૦ લાખના બુલેટ ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ભાટ ટોલટેક્ષ સર્વિસ માર્ગ પર આઈસરની અડફેટે બાઈક ચાલક ઈજાગ્રસ્ત પહોંચી હતી

ગાંધીનગર, તા.૩૦

એપોલો સર્કલ થી ભાટ ટોલ ટેક્ષ તરફ જતા સર્વિસ માર્ગ નજીક પુરઝડપે અને ગફલતભરી રીતે આઈસર હંકારી બાઈક ચાલકને અડફેટે લીધા હતા. બાઈક ચાલક નીચે પટકાતા શરીરે ઈજાઓ પહોંચી હતી. યુવકને ડાબા પગે ઢીંચણમાં ઈજા થતા તાત્કાલીક સારવાર માટે ખસેડાયા હતા. જયારે અકસ્માત બાદ ચાલક આઈસર લઈને રફુચક્કર થઈ ગયો હતો. બનાવ અંગે આઈસર ટ્રક નં. જી.જે.૦૧.એ.યુ.-૪૭૬૨ ના ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોબા કે.રાહેજા સામર્થ હેવન-૫ બી-૬૦૪ ખાતે રહેતા બ્રિજ કુમાર કીરીટકુમાર પટેલ માતા-પિતા સાથે રહે છે. બ્રિજ નાના ચિલોડા ખાતે એચ.એન. મિડિપેક પ્રોડેકટર પ્રા.લિ. ચલાવી મારા પરિવારનું ગુજરાન ચલાવુ છું.ફરીયાદીના નામે પેશન પ્રો બાઈક જી.જે.૦૧.વી.ઈ.-૮૭૫૧ જેનો ઉપયોગ કરી રહ્યા હતા. આજરોજ સવારના આઠ વાગ્યાના અરસામાં ફરીયાદી બાઈક લઈને ફેકટરી જવા માટે નીકળ્યો હતો. તે સમયે કોબા સર્કલ થઈ એપોલો સર્કલ થઈ ભાટ ટોલટેક્ષ પાસે વળાંક લઈ રહ્યા હતા. તે સમયે બાઈકની બાજુમાં આઈશર ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી અચાનક વળાંક લઈ બાઈક સાથે ટકરાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક નીચે પડી ગયા હતા. ડાબા પગના પંજાના ઉપરના ભાગે ઘુંટણમાં ઈજા પહોંચી છે. જયારે બાઈકને પણ ભારે નુકશાન પહોંચ્યું છે. જયારે આઈસર નં. જી.જે.૦૧.એ,યુ.-૪૭૬૨ નો ચાલક તે લઈ જતો રહ્યો હતો. બનાવ અંગે પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે આઈસર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## 'તારૂ મૌન બુલંદ' અભિલાષ મઢીવાળા લિખિત પુસ્તકનું વિમોચન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૩૦

અભિલાષ મઢીવાળાએ તેમની પત્નિ યોગેશ્વરીબેનના જીવનને અક્ષરદેહ આપી લખેલ "તારૂ મૌન બુલંદ" પુસ્તકનું વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ શ્રી મારૂતિનંદન બેન્કવેટ હોલ, અમદાવાદ ખાતે ૨૪ એપ્રિલે સવારે ૧૦ કલાકે યોજાયો હતો. જેમાં સ્વામી અસંગાનંદજી સરસ્વતીજીના હસ્તે પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જસ્ટીસ પી.પી. ભટ્ટ (નિવૃત્ત ન્યાયમૂર્તિ, ગુજરાત અને ઝારખંડ હાઈકોર્ટ), રજનીકુમાર પંડ્યા (મૂર્ધન્ય સાહિત્યકાર), ભાગ્યેશ જહા (નિવૃત્ત આઈ.એ.એસ. અધિકારી), ડૉ. કેશુભાઈ દેસાઈ (મૂર્ધન્ય સાહિત્યકાર), કવિ નીરવ વ્યાસની ઉપસ્થિતિમાં અને મનોજ શુકલ તથા જાગૃતિ ત્રિવેદીના સંચાલનમાં કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો.

## હરિત અને સ્વચ્છ ઊર્જા અપનાવો વિશે ખેડૂત શિબિર યોજાઈ



ચિલોડા, તા. ૩૦

ગાંધીનગર તાલુકા ધી ચિલોડા સેવા સહકારી મંડળીના હાલમાં આઝાદી અમૃત મહોત્સવ સક્ષમ-૨૦૨૨ અંતર્ગત હરિત અને સ્વચ્છ ઊર્જા અપનાવોના સુત્રને સાર્થક કરવા ચિલોડા સ્થિત લક્ષ્મી પેટ્રોલિયમ આયોજિત ભારત એક પેટ્રોલિયમ સંરક્ષણ અનુસંધાન સંઘ પ્રેરિત ઊર્જા અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. આ બેઠકમાં પ્રગતિશીલ ખેડૂતોને સી.એન.સી., પી. એન. સી.એલ.એન.જી., સ્વચ્છ ઈંધણની પસંદગી, જૈવ ઈંધણ અપનાવી હાઈડ્રોજન ભવિષ્યનું ઈંધણ કાર્બનમુક્ત, ગતિશીલતા ઉત્તમ કૃષિ વિષયક પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય વિશે કૃષિ ઉપકરણ યોજનાઓ, બેંકિંગ નાણાંકીય ડિજિટલ સેવા પી.ટી.એમ. તેમજ પેટ્રોલ-ડિઝલની ખરીદીમાં પેટ્રોલ અને ડિઝલની ગુણવત્તા-જથ્થાની ચકાસણી અંગે નિદર્શન દ્વારા સમજ પુરી પાડી હતી. પેટ્રોલિયમ ખાતાના અધિકારી કૃણાલ દલવાડી સહિત ગામના જાગૃત ખેડૂતો, પેટ્રોલપંપના માલિક નાનુભાઈ શર્મા, સરપંચ જયમીનાઈ પટેલ, મંડળીના મંત્રી જયંતિભાઈ પટેલ, નટુભાઈ પટેલ પત્રકાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ઝુંડાલ ગામેથી બે જુગારી પકડાયા

ગાંધીનગર, તા.૩૦

ઝુંડાલ ગામના તળાવવાળા વાસ ખાતે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા બે જુગારીઓને અડાલજ પોલીસે પકડી પાડ્યા છે. જયારે બાકીના જુગારીઓ નાસી જવામાં સફળ રહ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ અને દાવ પરથી મળીને કુલ રૂ.૭૨૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા.તે સમયે ઝુંડાલ બસ સ્ટેન્ડ પાસે આવતા કોસ્ટેબલ અજીતસિંહને બાતમી મળી હતી કે ઝુંડાલ ગામે તળાવવાળા વાસ ખાતે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પર રેઈડ પાડતા કણજાના ઝાડ નીચે બેસી ગોળ કુંડાળુ કરીને જુગાર રમતા જુગારીઓ પર પોલીસ ત્રાટકી હતી. અચાનક પોલીસને જોઈ જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. ત્યારે ભાગી રહેલા બે શખ્સોને પોલીસે પકડી પાડ્યા હતા. જયારે ભાગી જનાર જુગારીઓ અંગે તપાસ કરતા તેઓ બહારથી અન્ય ગામના જુગારીઓ હોવાથી તેઓ ખાસ પરિચિત ન હતા તેવી હકીકત દર્શાવી હતી. જયારે પોલીસે કાનાજી ડાહ્યાજી ઠાકોર (ઝુંડાલ ગામ) તેમજ કીશનજી ઠાકોર ને પોલીસે પકડી પાડ્યા હતા. જયારે પોલીસે અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૭૨૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ૩૦ વર્ષની સેવા બાદ સેવા નિવૃત્ત થતા જી.સી. પટેલ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખામાં શાળા આરોગ્ય મદદનીશ તરીકે સેવાઓ આપતા જી.સી. પટેલ આજે વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે. જિલ્લા પંચાયત પ્રમુખની ઉપસ્થિતિમાં આજે તેમને ભાવભીની વિદાય આરોગ્ય તેમજ પંચાયતના કર્મચારીઓએ આપી હતી. તેમનું નિવૃત્ત જીવન આરોગ્યમય અને સુખદ રહે તેવી શુભકામનાઓ સૌએ વ્યક્ત કરી તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી. તેમને કર્મચારીઓ દ્વારા વિવિધ વસ્તુઓ શુભેચ્છા પેટે આપી નિવૃત્ત જીવન માટેની શુભકામના વ્યક્ત કરવામાં આવી હતી. ૩૦ વર્ષની સેવાઓ બાદ આજે તેઓ સેવા નિવૃત્ત થતાં પંચાયતના હોલમાં ભાવુક દશ્યો સર્જાયા હતા.

ટચૂકડી જાહેર ખબર

**નામ બદલેલ છે**

મારું જુનું નામ અર્ચના રમેશભાઈ મહેતા હતું જે બદલીને નવું નામ અર્ચનાબા વિવેકસિંહ ચૌહાણ કરેલ છે.

**સરનામું**
પ્લોટ નં. ૧૦૫૭/૨,
સેક્ટર-૩/ડી,
ગાંધીનગર-૩૮૨૦૦૬
મો. ૯૮૨૫૯ ૨૧૭૭૦

**ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિ. ગાંધીનગર**
**જાહેર નિવિદા**
**જાહેરાત ક્રમાંક (૪) ૨૦૨૨-૨૩ (બીજો પ્રયત્ન)**

કાર્યપાલક ઈજનેર (સી) યુનીટ-૨ (સુજલામ સુફલામ) બીજે માળે, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨૩૬૭૧૨ દ્વારા નીચે જણાવેલ કામો માટે માર્ગ અને મકાન વિભાગમાં અને / અથવા નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં માન્ય યાદીની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી ઓનલાઈન બી-૧ ભાવપત્રકો માગવામાં આવે છે.

(૧) મોઢેરા ધરોઈ પાઈપ લાઈન (મોટીદાઉ થી રસુલપુર સેક્શન-૨) યોજનાની ચેઈનેઝ ૪૫૩૦ મીટરે હયાત સ્કાવર વાલ્વ થી મોજે સાતુસણા ગામના સીમ તળાવ (સર્વે નં.૧૪૭ જુના સ.નં. ૧૫૪) અને તળાવ (સર્વે નં.૨૦, જુના સ.નં. ૮)ને ૨૮૦ મીમી ડાયાની એચ.ડી.પી.ઈ પાઈપથી જોડવાની કામગીરી
(૨) અંદાજીત રકમ : રૂ. ૫૩૬૦૨૬૩/-
(૩) ઈજારદારનો વર્ગ તથા ટેન્ડર ફી : ડી અથવા ઉપર રૂ. ૨૮૩૨/-
(૪) ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ અને રજૂ કરવાની છેલ્લી તારીખ : ૧૬/૫/૨૦૨૨ ૧૮.૦૦ કલાક સુધી
(૫) ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો ફીજીકલી કચેરીમાં રજૂ કરવાની તારીખ : ૧૭/૫/૨૦૨૨ થી તા. ૨૧/૫/૨૦૨૨ (કચેરી સમય દરમિયાન) ફક્ત સ્પીડ પોસ્ટ / આર.પી.એ.ડી.થી

બાનાની રકમની મુદત ૧૮૦ દિવસની હોવાઈ જોઈએ. અન્યથા ટેન્ડર ગણત્રીમાં લેવામાં આવશે નહીં. EMD Exemption Certificate સ્વીકારવામાં આવશે નહીં. વધુ વિગતો નિગમ / સરકારશ્રીની વેબસાઈટ www.gwrdc.gujarat.in અથવા www.statetenders.gujarat.gov.in અને www.gwrdc.nprocure.com મારફતે જોઈ શકાશે તથા ટેન્ડર ઓનલાઈન ભરવાનું રહેશે.

માહિતી/૨૩૮/૨૨-૨૩